નરસીંહ મેહેતાનાં ભજનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

છોટાલાલ છગનલાલ બુકસેલર.
ઠે. રીચીરોડ—અમદાવાદ.

આ આવૃત્તિમાં કાંઈ સુધારો વધારો કર્યો નથી.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦

અમદાવાદ.

શ્રી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. અમરતલાલ જેસીંગભાઈએ છાપ્યાં.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

કીંમત ૨ આના.

શ્રી પરમાત્માને નમઃ

નરસીંહ મહેતાના ભજન કીરતન સંગ્રહ.

સરસ્વતીની સ્તુતિ.

વાણી દે વીણાધારીણી.

ભગવતી ગુણવતી રસવતી સરસ્વતી—વાણી.
માત છે બાળને શર્ણું એક તુજ તણું;
આળને ટાળ તું માત મુખથી ભણું,
કરી કૃપા કર ગ્રહો હે હિત કારીણી— વાણી.
મૂઢતા મૂર્ખતાને હરો, આપજો સદ્‌વિદ્યા તણોરે ઝરો;
વદનમાં વાસ કરશો હે દુઃખહારિણી— વાણી.

કીર્તન ૧ લું.

પંથિડા જીવડા જરૂર છે જાવાનું,
જરૂર છે જાવાનું નથી કાંઈ;
અમર થાવાનું પ્યારા, જરૂર છે જાવાનું. પંથિડા.
મારૂં મારૂં શું કરે મુરખડા તું,
આંહીનું આંહી સૌ રહેવાનું. પંથિડા.
કાયા કંચનને આવે ન રામા સંગે,
પુન્યને પાપ લારે થાવાનું. પંથિડા.
રસનાએ રટશી નામ નરસૈંના નાથનું જે,
હરીના ધામ તે પાવાનું. પંથિડા.

કીર્તન ૨ જું.

ચેતન તું તો ચેતીલેનેરે, આયુષ્ય તારૂં એળે ગયું;
માથાકુટ મેલીદેનેરે, રાખ્યું તારૂં નવરે રહ્યું;
કાળાં ફીટી ધોળાં થયાં, પણ ધાર્યું નહીં કાંઈ ધ્યાન;
કાયાની માયા નવ મુકી, મુક્યો ન મદને માન;
લોભ તણું લુગડુંરે, એમનું એમ રહ્યું. ચેતન.
પામીષટરસના સ્વાદે કરી, રાખ્યું નહીં કાંઈ ભાન;

જોબનના જોર તણું રે, ગાતર સૌ ગળીરે ગયું. ચેતન.
અજુ અવસર છે હાથમાં, ધરી લે પ્રભુનું ધ્યાન;
શિવ સુંદરી વેગે વરે, મળે અક્ષય સુખ સ્થાન;
કથન હરી કેરૂંરે, નરસઇઆએ ઉરે લહ્યું. ચેતન.

કીર્તન ૩ જું.

જાયાતે જીવડા જરૂર છે જાવાના:
નથી કોઈ અમર થાવાના, જાયા.
કોઇ આજ કોઈ કાલને, કોઇ માસ છ માસ;
કોઇ વરસ દસ વીશને કોઈ પચીસ પચાશ;
કોઈ સાઠે કોઈ એંશીએ જાવાના. જાયા.
અથિર આ સંસારમાં, શીદ મરે છે મુંઝાઇ;
માટે પામર પ્રાણીઆ, ચેતી લે ચીત માંહી;
પ્રભુના ભજન વિના, સુખી ના થાવાના. જાયા.
વિઠ્ઠલપતી વારે ચઢી, પુરી નરસૈં આશ;
ગાયા પ્રભુ ગુણ પ્રીતથી, પામ્યા વૈકુંઠ વાસ.

કીર્તન ૪ થું.

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં નહીંરે;
પુનકારી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી મહીંડે. ભુતળ.
હરી જન તેતો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર;
નીત્ય સેવા નિત્ય કિર્તન ઓચ્છવ, નિરખવા નંદ કુમારરે. ભુતળ.
ભરતખંડમાં જનમી જેણે, ગોવિંદના ગુણ ગાયારે;
ધનધનરે એના માત પીતાને, સફળ એની કાયારે. ભુતળ.
ધન વૃંદાવન ધન ધનલીલા, ધન વ્રજના વાશીરે;
અષ્ટમાસિદ્ધિ આંગણીએરે ઉભી, મુક્તિ છે એમની દાશીરે. ભુ
એ રસનો સ્વાદ શંકર જાણે કેં એક જાણે શુક જોગીરે;
બીજો જાણે નરસૈં નાગર, જે હરી રસનો ભોગીરે. ભુતળ.

કીર્તન ૫ મું.

જશોદાના જીવણ ઉભા, જુમનાને તીરે;
મોરલી વજાડે મોહન, મધુરી ધીરે.
પીતાંબરની પલવટ વાળી, ઉર લેહેકે માળા;
કાન બીચ કુંડળ લળકે, દીશે રૂપાળા.

પરભાતે ઉઠીને ગોપી, કાનને દરાવે;
એ કાનુડા એ કાનુડા, કહીને બોલાવે.
આજતો અમારી ધેને, દુધ થોડેરાં દીધાં;
રખેરે શામળીયે વ્હાલે, દોહીને પીધા.
સાંભળરે શલુણી શ્યામા, વાતલડી મારી;
તુજ સરખી સલક્ષણી છે, ગાવલડી મારી.
એવાં એવાં વચન સુણી, ગોપી આનંદ પામી;
ભક્તવત્સ ભુધરજી મળ્યા, મહેતા નરસૈંના સ્વામી.

કીર્તન ૬ ઠું.

વાલા વેગે આવોરે, દયા દિલે લાવોરે;
ભીડ મારી ભાગવા હોજી;
નહીં આવો તો છાનાં ઉઘાડું બધાં છીદ્ર. વાલા.
આહેરડામાં ઉછર્યા, ગોવાળીઆમાં વાસ;
કાંધે કાળી કામળી, માગી પીતાં છાશ;
માતા કેદે મુકીયા, પુરો મારી આશ,
હું રાખું તમથી દાવોરે- ભીડ.
બે માના બે બાપના, નકટા નિર્લજ બાળ;
મહિ માંખણના ચોરટા, કંસ તણા હે કાળ;
સોડ તજ્યે રાધા તણી, દુરીજન આપે આળ;
ધિરા વેગે ધાઓરે. ભીડ.

કીર્તન ૭ મું.

હળવે હળવે હળવે હરજી, મારે મંદીર આવ્યારે;
મોટે મોટે મોટે મેંતો, મોતીડે વધાવ્યારે. હળવે.
કીધું કીધું કીધું મુજને, કાંઇક કામણ કીધુંરે;
લીધું લીધું લીધું મારૂં, ચિતડું ચોરી લીધુંરે. હળવે.
જાગી જાગી જાગી હુંતો, હરી મુખ જોવા જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા, ભવની ભાવટ ભાગીરે. હળવે.
ફુલી ફુલી ફુલી હુંતો, હરિ મુખ જોઇ ફુલીરે;
ભુલી ભુલી ભુલી સારા, ઘરનો ધંધો ભુલીરે. હળવે.
પામી પામી પામી હુંતો, મહા પદવીને પામીરે;
મળીયો મળીયો મહેતા, નરસૈંઆનો સ્વામીરે.

કીર્તન ૮ મું.

જુવાનીને દહાડેરે, હરીને જાણ્યા નહીંરે,
મેહારાણુંરપા સાથે મન;
કાંઇકને મોહ્યોરે કામનીના કલ્પમાંરે,
કાંઇએક જોડવા ધાયો ધન. જુવાની.
પચીસને પચાસરે પરપંચમાં ગયાંરે,
દોહીલા આવ્યા સાઠ વરસના દન;
સીતેરને સુધીરે કાંઇ સમજ્યો નહીંરે.
પછે ચાલ્યો સાધન કરવા વન. • જુવાની.
આંખડીયે ન સુજેરે ગળે બહુ નાશિકારે,
બોલે તેતો સંભળાય નહીં કરણ;
માયા તો ન મુકેરે તુટે નહીં તરશણારે,
ઓળખાય નહીં અશરણ શરણ. જુવાની.
હાથમાં લાકડીરે ચરણ ચાલે નહીંરે,
તુટીને શિતળ થયું છે તન;
મુખ માંહીરે દાંત એકે દિસે નહીંરે,
તોય પાપી ઉદર માગે તન. જુવાની.
ભાગ્ય જેનું ભલુંરે આ અવસરને ઓળખ્યોરે,
તે તો પ્રાણી કહેવાએ હરીના જન;
નરસૈઆના સ્વામીનેરે સુખમાં સંભારજોરે,
જો હોય પેલા ભવનુંરે પુન્ય. જુવાની.

કીર્તન ૯ મું.

એવારે એવા અમો એવારે એવા, તમો કહો છો વળી તેવારે;
ભક્તિ કરતા જો ભ્રષ્ટ કેહેશો તોય, કરશું દામોદરની સેવારે. એ.
જેનું મન જેની સાથે બંધાણું, પેહેલું હતું ઘર રાતુંરે;
હવે થયુંછે હરિ રસ માતું. ઘેર ઘેર હિંડે છે ગાતુંરે. એવા.
સઘળા સાથમાં હું એક ભુંડો, ભુંડાથી વળી ભુંડોરે;
તમારે મન મન માને તે કહેજો, નેહ લાગ્યો છે મને ઉંડોરે. એવા.
કરમ ધરમની વાત છે જેટલી, તે મુજને નવ ભાવેરે;
સઘળા પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે નાવેરે. એવા.
...ના કરમનો હું નરસૈઓ, મુજને તો વૈષ્ણવ વાલારે;
...ી જે અંતર ગણેશે, તેના ફોગટ ફેરા ઠાલારે. એવા.

કીર્તન ૧૦ મું.

શ્રી દામોદરના ગુણ ગાતાં, નર કોઇ દુખિઓ ન હોયરે;
સદા શામળીઓ શરણે રાખે, સન્મુખ આવી જોયરે.
મુરખ મુંઢ હીંડે રડવડતો, નવ જાણે હરીનો મર્મરે;
સમરણ કરતાં તરતજ આવે, પરીપુરણ પરબ્રહ્મરે.
છેલ છબીલો છે છોગાળો, નિત્ય નિત્ય તેને ભજએરે;
મંડળિક માન ઉતાર્યું જેણે, કહો કેમ તેને તજીએરે.
સુખદાતાની પુર્ણ કૃપાથી, અવીચળ પદ હું પામ્યોરે;
નરસૈઆના સ્વામીને જોતાં, ભવભય સઘળો વામ્યોરે,

કીર્તન ૧૧ મું.

સંસારનો ભય નિકટ ન આવે, કૃષ્ણ ગોપાળને ભજતાંયે.
ત્રિવિધી તાપ ટળે બહુ તજતાં, મોહ માયાને તજતાંરે.
ધ્રૂવ તણી દ્રઢ ભક્તિ જાણી, અવીચળ પદવી આપીરે;
ભક્ત પ્રહલાદ ઉગારી લીધો, જનમ જરા જડ કાપીરે.
જે જન સાચો ભાવ રાખીને, જપે શ્રી જગદીશરે;
શરણાંગત રાખે શામળીઓ, કાપે સૌ કલિમપરે.
શ્રી દામોદર જેવો દાતા, જગમાં ન મળે કોયરે;
નરસૈંઓ કહે નિશદીન જપતાં, સફળ કારજ સિદ્ધ હોયરે.

કીર્તન ૧૨ મું

હવે મને હરી નામથી નેહ લાગ્યો,
બાગી બીડ ભવનો ભય ભાગ્યોરે. હવે૦
માયા મંદિર મારાં મનથી મેં મુકીઆંને;
ઇંદ્રની ઓળખાણ કીધી;
હેમ હીરાથી હાર મઢેલા તે,
ચાલ્યો તે ઉપર થુંકીરે. . હવે૯
કેના સુત તાત કોના, માતાને ભ્રાત સરવે,
સ્વારથના સગપણ રાખે;
પ્રાણ ગયા પાસે ન આવે,
કાઢો કાઢો મુખે ભાસેરે.

કીર્તન ૧૩ મું

મીઠડા બોલ્યા નાથરે, આવો

એક ઘડી એકાંતે આવો તો, કહું મારા મનડા કેરી વાતરે.
આવોને મારા મીઠડા બોલા નાથરે.
આજ આનંદ મારે અતિ ઘણો, વાહાલે પ્રેમે સાહ્યો મારોહાથ.
તરીઆ તોરણ મારે દ્વાર બંધાવું, મંગળ ગવાવું સારી રાતરે.
વૃંદા તે વનની કુંજગલનમાં, સહુ સખીઓની સાથ;
નરસઇયા સ્વામી સંગરે રમતાં, હવે તે હુઓ પરભાતરે.

કીર્તન ૧૪ મું.

પંથીડાને ન્યાળતીરેહો, જોતી હું તો પીતાંબર પગલાં;
મધ્ય નીશાસમેરે હો, ભરતી હું લડથડતી ડગલાં. પં.
શ્યામા સ્યામનેરે હો, હીંડુ હું તો મારગડો જોતી;
નેણે મારે નીરઝરે રેહો, ચતુરા ચીર વડે લોહોતી. પં.
ચારે દીશે ન્યાળતીરે હો. જાણે હું તો વનચરતી હરણી;
સુધબુધ વિસરી રે હો, પ્રભુ માહારા એ તારી કરણી. પં.
ગોપી સહુ ટોળે મળીરેહો, મનડામાં કીધોરે એક વિચાર;
ચાલો સઇરો ત્યાં જઇએ રેહો, જ્યાં હોય નાગર નંદ કુમાર. પં,
જઇને પુછું દ્રૂમને હો, દીઠા કોઇ નાગર નંદકીશોર;
આણે આણે મારગડેરે હો, આવ્યા અમે લક્ષ ચોરાશીવાર.
ભુલી ભુલી ત્યાં ગઇરે હો, જ્યાંહાં શ્રી જુમનાજીતાર;
વ્હાલો અહીંઆં બેસતારે હો, જમતા કરમલડોને કપુર.
વ્હાલો વાતા વાંસળીરે હો, તેના વિના સ્થિર ન રહે મુજચીત.
લેખણ કર ગ્રહી રેહો, અક્ષર લખવા નંદ કુમાર;
અક્ષર હું તો કેમ લખુરે હો, બાઈ મારે નયણે વહે જળધાર પં.
જોબન મેં તો જાળવ્યું રે હો, જાણ્યું મારા ભુદરને ભેટ કરીશ;
જો હરી નહીં મળે રેહો, બાઈ મારા પાપી પ્રાણ તજીશ. પં.
જ્યારે એ શું પ્રીત કરી રેહો, મનડામાં હતીરે મોટી આશ;
નરસઇયાનો સ્વામી મલ્યો રે હો; વ્હાલે મારે રંગે રમાડયારે
રાશ. પં.

કીર્તન ૧૫ મું.

પીંડને બ્રહ્માંડમાં જ્યારે વાણી નોતી બાઇ,
ત્યારે નાદને બુંદ નવ હરતાજીરે સંતો;
બ્રહ્માને વિસ્નુ માહેશ્વર નોતા બાઇ,
" " ત્યારે આપો આપ કરતાજીરે સંતો.

જીરે સાચો થંભ છે હાં હે સંતો;
બારને ભીતર એક બ્રમ છે રેજી.
મન મથી માયાએ ગળ રચાવ્યો;
ત્યારે નાદને બુંદ પ્રકાશ્યોજીરે.
પાંચ મુદ્રિકા લઇને પ્રગટ કીધી ભાઇ;
ત્યારે ચઉદ લોક રચાયોજીરે,
માહા મંત્ર લઇને પંથ પ્રકાશો ભાઈ;
ત્યારે ધરમા માટે પુજા કીધીજીરે.
ગુરૂજીને ભેદને ચારરે વેદે ભાઈ.
ભક્તિ લઇ શિવજીને દીધીજીરે.
શિવને શક્તિ મળી ધર્મ ચલાવે ભાઇ,
ત્યારે ઉગઇઆ પાટે પધાર્યાજીરે.
પાંચે મળીને મહાવ્રત સાધ્યો ભાઇ,
જ્યારે નામ ધરાવ્યું નીજાજીરે.
મેરૂ શીખરજી ગંગાજી મગાવો ભાઈ
ત્યારે વાચે ને કાચે વઇતરણીજીરે
ભગત જુગેતને લઇને એ ધરણી ભાઇ;
ત્યારે શબ્દમાં રેણીને કેહેણી જીરે.
દયા ધરમ લઈ પરમારથ પેખો ભાઇ;
ત્યારે આપપણું નવ લેખું જીરે;
ગુરૂજી શબ્દે તમે હોઇને હાલો ભાઈ,
ત્યારે સર્વે હરીજન દેખો જીરે.
શબ્દ તીરથ થકી ઉન મુની રેવું ભાઇ,
ત્યારે નીત વરણુ નત્ર ભાળો જીરે.
નરસઇ કહે જે નર ભીતર જાગ્યા ભાઇ,
ત્યારે સકળ ધર્મને પાળો જીરે.

કીર્તન ૧૬ મું.

કામ ક્રોધ મન માયલાને વારોરે,
સાધુ ધરમ સંભાળો રેહોજી-
મનવૃતિ બાવો શું સમજાવેરે,
પવન વેગથી ન્યારોજીરે સંતો.
આઠ કુળ પરવત ધરા જેમ ધ્રુજેરે.

બેળા હર નમો હશે રેહોજી,
દશમે દરબાર શેરૂએ દયા વરતાણીરે.
રણુ વગડામાં ગરૂયે રમતો માંડીરે હોજી.
મનના માન્યા ગુરૂએ મેઘ વરસાવ્યા;
ત્યારે પડખે કાળીંગો ભાગ્યોરે હોજી.
અમર દરવા ગુરૂએ ફુળ ઉગાડયા સંતો,
એ અમર ફુળ ભગત ધરે હોંસે હોજી.
મેં પણુ લોભી મેં પણુ લાલચુરે સંતો.
સરણાંગત સ્વામી તાહરોરે હોજી.
સઘળા સાધુની આગે નરસૈં બોલ્યો સંતો
મેં આધીનતા તારોરે હોજી.

કીર્તન ૧૭ મું.

આવું હરી ભજવાનું ટાણુંરે, વારે વારે તુંને નહી મળે હોજી.
મનુષ્યા જન્મ આપ્યોરે, મોટા મોંઘા મુલનો હોજી.
તોયે હરી ગુણુ ન ગાયરે, ગુણતું ભુલ્યો ભગવાનના હોજી.
સમજીને તમે ચાલોરે, જીતો જંમ દુવારને હોજી.
હરી ભજનમાં તમે ચાલોરે, સહેજે મળશે પુરૂષ હરી.
ખોજ કરીનેરે જુઓ તમે નાથ હરી હોજી;
ગોત્યો તે નહીં જડેરે, એવો સારંગ પ્રાણી.
સહેજે ગુરૂ મને મળીયારે, ભજની ભાવે હરી હોજી.
એવું નરસૈં કેછેરે, મારા ઉરમાં આવો ફરી.

કીર્તન ૧૮ મું.

મારા સાથના સંધાતીરે, વખતે વેલા આવજોરેજી.
મનુષ્યા જનમ મળ્યો તુને મોટો,
તોયે હરી સ્મરણુ નવ કીધું હેજી,
ભવજળ પાર ઉતારવા ભાઇ નાવ હાથ લીધું. મારા૦
પાપ કરમની કોઠી નાંખી, લોભ કપટજ ભરીયા હેજી;
સત્ય કમાણી કોરે મુકી, પાપે પેટજ ભરીયા હેજી;
તરવા ઉપાય નવ કરીયા. મારા૦
પુણ્ય તણું તેં નામ ન જાણ્યું, ધર્મ મુકયો તે જાણી હેજી,
અંતે સમય સૌ આવી વળગશે, કરણી કરમ પ્રમાણી હેજી,
ચેત નહીં તો જમડા લેશે તાણી. મારા૦

જાણી નહીં પ્રભુની પ્રભુતાઇ, વિષયમાં રહ્યો તું માચી હોજી;
વિષય વાસના દુરે તજીને, પ્રભુને લ્યો તમે જાણી હોજી;
નરસઇની માની લ્યોને વાણી. મારા૦

કીર્તન ૧૯ મું.

વારે ધા વિઠલ વેલો, ધોજારો રાય છે ઘેલોરે;
બ્હાણે વંચાવશે મેલો. વારે ધા
પ્રણુત પાળવો પણ છે તારૂં, પાળ ત્રિભોવન નાથ;
મોટાઇ મુકીને મુક માં મોહન, હેતે ઝાલેલો હાથ;
હરી શીદ આપ હઠસેલો. વારે ધા
તાત તારા તને તેડીને વિક્રમ, ચોરી લાવ્યા ગોકુળ;
તાતનાં લક્ષણુ તુજમાં આવ્યાં, ચોર્ય નારી પટકુળ;
ખોળાવો કાં ખોટ ના ખેલો. વારે ધા
કોડીનું કીમતી સુતર કાચું, ફુલડાં કેરી માળ;
તેમાં લોભાઇને જાત તેં તારી, દેખાડી દીધી ગોપાળ;
પરાણે તું આવતો પે'લો. વારેધા
આ અવસર શું અવળો થઇને, બેઠો જઇ તું દુર;
હાજર ન થતાં હલાજ કરશે, નરપતી પાપી ક્રૂર;
નરસઇઆની આપ છો બેલો. વારે ધા

કીર્તન ૨૦ મું

નીત નીત ભજું તારૂં નામ, તારૂં નામ મારા સ્યામરે;
પ્રેમ થકી મને પ્રભુજી મળ્યા હોજી. નીત૦
સુની સેજડીઆં મારી, નિંદ્રા ન આવે વ્હાલા;
કાંઇ નવ સુઝે ઘરના કામ, મુને કામ. નીત૦
આ કાંઠે ગંગા વ્હાલા, ઓલે કાંઠે જમના;
વચમાં ગોકળીયું રૂડું ગામ, રૂડું ગામ. નીત૦
ભાતરે ભાતના, ભોજન પીરસીયાં વ્હાલા;
જમવા ન આવે ઘેલો સ્યામ, ઘેલો સ્યામ. નીત૦
નરસઇ નાગર, તુમ ગુણુનો આગર વ્હાલા
બાકી બધાને રામ રામ, રામ રામ. નીત૦

કીર્તન ૨૧ મું.

ભક્તિ ભાળીને વ્હાલો મારો રીઝે છે રે વ્હેલો;

નવ ગણે જોગી ભોગી, વળી ગાંડા કે ઘેલોરે. ભક્તિ૦
ધાવણાપણામાં ધુજીને, મળિયા મોરારી;
કુબજ્યા કરૂપી કરી વ્હાલે, પટરાણી પ્યારીરે. ભક્તિ૦
કઉરવે કરેલા કુર વ્હાલો, જમિયા ન જાણી;
વિદુરની ભાજી વ્હાલો મારો, આરાગ્યા વખાણીરે. ભક્તિ૦
ભલા ભલા જોગીડે પ્રભુજીનાં, મુખડાં ન ભાળ્યાં;
પાંડવોના ઘેર પ્રભુજીએ વાસીદાં વાળ્યાંરે. ભક્તિ૦
ઉંચા ઉંચા આચારી કેરા, વ્હાલે પિધાં નહીરે પાણી,
ખીચડલો ખાધો કર માનો, ઓટકાર આણીરે. ભક્તિ૦
ભરવાડાં ભેળા વ્હાલા, મારો રંગેથી રમીયા;
કાંગુવાં સુદામા કેરા વ્હાલો, ઝડપીને જમીયારે. ભક્તિ૦
સારી સારી સતિયે વ્હાલાજીનાં, વારણાં ન લીધાં;
દુષ્ટ કર્મ વાળી ગુણકાને, દરીશન દીધાંરે. ભક્તિ૦
સવરીના બોર લક્ષ્મિપતિ, જમીયારે જાચી;
નરસઇ કહે છે વાહાલો, પ્રેમથી રાચીરે. ભક્તિ૦

કીર્તન ૨૨ મું.

ગોવિંદ જાણ્યાં વીનાં તે વરસાં ગાળીયાંરે.
ગણે પારા બાંધી જેમ ગ્રહશે, કાપો કાપો મુખથી કહેશે;
રંગ ભરેલાં રહેશે મંદીર માળીયારે. ગોવીંદ.
સુરો પુરો સુરા સુરપાને, કૃષ્ણ કથા નવ ગોઠે કાને;
ભજની જન ભગતોને ખળ તે ખોળીયાંરે. ગોવીંદ.
હૈડામાં નવ ધાર્યું હરીને, ભુંડાઇ હોરી ઝાઝભરીને;
દયા વીના તે દાન કરીને બાળીયાંરે. ગોવીંદ.
અડંબગાઇમાં ઉમર આખી, નર તન ચીંતામણ ખોઇ નાંખી;
રંડીયા મધે રાખી તીખી પાળીયાંરે. ગોવીંદ.
ધર્મરાજની આગળ ધરશે, ત્યાં તારાં ગાતર થરથરશે;
ક્રોધી જમડા કરશે અરે ઈંડાંળીયાંરે. ગોવીંદ.
મરણ ઘાત તો નહીં માત્રાની, જાગી જો નથી વાર જવાની;
સાથે ન આવે વાલ સવાની વાળીયાંરે. ગોવીંદ.
વસ્ત્ર આભુષણ લુંટી લેશે, બહાર જઇને આપી દેશે;
કહે મેહેતો નરસઇ ડાંડ્યાં રહેશે રાળીયાંરે. ગોવીંદ.

કીર્તન ૨૩ મું.

ડાપણુ તારૂં જાણ્યુંરે, હવે બહુ ડાહ્યો તું થામાં.
જ્ઞાન સુધારસ મુકી આખર, માયા વીસ્ટા ન્હામ. ડાપણુ.
રંગ રાગથી રીઝે ઘડીમાં, ઘડી વેરાગે ઝુંઝે;
તાણ્યા તાણ્યથી પાપી ચેતન, રઘવાયો તું થામાં. ડાપણુ.
ચેતન જાણે ચહું ગગનમાં, મન પટકી પટકે છે;
ધીરે ધીરે સાધ સાધના, આખો લાડુ ખામાં. ડાપણુ.
નવીન બાપડા નાથ ચરણધર, આડો અવળો જામાં;
દીન બંધુમાં રાખ્ય ભરૂસો, ખાલી ખાસડાં ખામાં. ડાપણુ.
મનજી મીત્ર ઘડી માફ રાખ્યને, બાપ પગે પડી વીનવું;
છોડય નાડયને હવે અનાડી, પાતક પ્યાલો પામાં. ડાપણુ.
ધાન્ય ધરાને ધન જન રમણી, ભલા ભલા એ મુકીરે;
તારી ગતિ તું લે સુધારી, જીવ બીજામાં પ્રોમાં. ડાપણુ.
અલખ નિરંજન ચીદ ઘન સંગી, ચેતન આતમરામીરે;
પાપે ડુબી ગંગા મુકી, વૈતરણીમાં ન્હામાં. ડાપણુ.
આજ કાલ કરતાં કરતાં તો આખી ઉમર ચાલીરે;
કહે નરસઇ નાથ ભજી લ્યો, આખર સાર છે એમાં. ડાપણુ.

કીર્તન ૨૪ મું.

ભુદરજી મને ભવ રણમાં શું રઝળાવો;
તમોપર છે અમારોરે દાવો. ભુદરજી૦
ભવો ભવ ભટકી ભુલો બહુ ભમિયોરે;
તોય હજુ છેડો કાંઇ નાવ્યો. ભુદરજી૦
છોરૂં હું છું નાથ તમારોરે;
કેમ દયા કાંઈ ન લાવો. ભુદરજી૦
અહલ્યા તારી માંજારી ઉગારીરે;
શા માટે મુજને તલસાવો. ભુદરજી૦
પાપ પુરવ ભવ કીધાં જે હોય કાંઇરે;
તે પર ક્ષમા કાંઇ લાવો. ભુદરજી૦
આપ વિના મારે આધાર કો નહીંરે;
દાસ નરસઇને નભાવો. ભુદરજી૦

કીર્તન ૨૫ મું.

નામ જેણે જાણ્યુંરે, તેતો વેદ ચ ૨ ભણ્યે;

ભેદ જેણે જાણ્યોરે, તે તો ખરો તરત ભણ્યે. નામ૦
બત્રીશ આભરણુ અંગે ધરી નારી, નાક વીના શો શણગાર;
કવિએ જે આપનું આપે ન જાણ્યું, તે કેમ કરી ઉતરે પાર.
સાર કયાંથી મળશેરે, ભણ્યો ખરો પણ ન ગણ્યો. નામ૦
વાંઝણી નારીને સ્વપ્નું આવ્યું છે, પુત્ર નથીરે એની પાસ;
એમ ભજન દેખા દેખી કરે છે, તેની કેમ પુરી થાશે આશ.
કેને બાપ કહેશેરે, વેશ્યાએ જે પુત્ર જણ્યો નામ૦
નામ ગુણ ને રૂપનો નાશ, વળી ચોથું પદ અવિનાશ;
એ ચોથા પદનો ભેદ જાણે તેણે, કહીએ હરી તણો દાસ;
નારકી કર્મનોરે, સંસે એક પળમાં હણ્યો. નામ૦
એકાગ્ર ચિત થકી હરીને ચાહો, કરો શબ્દનો તોલ;
વિશ્વંભરના વચન તણો તો ધરજો હૃદયમાં બોલ.
કહે નરસઇ પ્રભુના ગાનેરે, અનામી નામ પોતાનો બન્યો. નામ૦

કીર્તન ૨૬ મું.

હંસો હાલવાને લાગ્યો, કાયાનો ગઢ ભાગ્યો.
તમે પોરે પ્રમાણે જાગોરે. હંસો૦
આપો અશાશો ને રસીયા રસવા દે.
તમે કુડ કાયાના વિષ કાઢોરે. હંસો૦
નિત નિત નિંદ્રા વીશ, નત્રણેમાં રાખો;
સુતાસેં સાહેબો આધારે, હંસો૦
એકે મને કુઇ અલખ આરાધો;
આંધળો આરાધવાને લાગ્યોરે. હંસો૦
અવસર કુઇ રહ્યોને, જમડા પણ આવ્યા;
કહે નરસઇ ચતુર ચેતોરે. હંસો૦

કીર્તન ૨૭ મું.

હોલો હોલી કહે છેરે, પ્રભુ મારી વારે ચડો.
બચ્ચાં મારાં મારે રે, તજો આવી ભીસ ખડો.
આંણુ તાણીને ઉભો પારધી, ઉપર આવ્યો બાજ;
દરમાંથી સર્પ જો નીકળે તો, વણુશે અમારાં કાજ;
ગરૂડના ગામીરે, આંટી રાખી રખે રહો. હોલો૦
કેલામાં પ્રભુ પધારીઆ તે, સર્પ વિષે નીરવાણુ;

પારધીને પગે ડશીને, તતક્ષણુ લીધા પ્રાણુ;
ત્યાંથી બાણુ છુટયાંરે, બાજ આવી હેઠે પડયો. હાલો.
કઠણુ વેળામાં કામજ આવે, ભજન કરો ભવ જાય.
એવા સમર્થ સ્વામી મુકીને, કોના પુજું પાય;
ગુનેગાર તારોરે. નરસઇ દાસ ખરો. હાલો.

કીર્તન ૨૮ મું.

ગુરૂ પદ વંદીરે, વાણી ઓચરૂંજી,
હું છું બાળક અબુધ અજાણુ;
અપરાધ સામુરે, માં જોશો દયા નિધીજી,
બોલ્યું અબોલ્યુ કરજો પ્રમાણુ. ગુરૂપદ.
ભવસાગરમાંરે, ગુરૂ નાવે હું ચઢયોજી,
સહજમાં આવ્યા સાગર પાર;
હોડા ને હિલ્લા તોરે, મુજને નવ નડયાજી.
સદ્‌ગુરૂ સાવધ હાંકણુ હાર. ગુરૂપદ.
વેપાર તો કીધોરે, હરી નામનોજી,
કીધા ગુરૂ રૂપી દલાલ;
માલ વોરાવ્યોરે, સુગમ સોંઘો કરીજી,
આ ભવમાં કીધો ન્યાલ. ગુરૂપદ.
ગુરૂ મહીમાનોરે, પાર હું કયમ લહુંજી,
થાકી સરસ્વતી થાકયા વેદ;
શીવ સનકાદિકરે, વરણી નવ શકયાજી,
એવો ભારે ગુરૂ ગુણુનો ભેદ. ગુરૂપ.
ગોવિંદથી અદકારે, સદ્‌ગુરૂ ગુણુનિધિજી,
અધમ ઉધારણુ કાહાવે નામ;
તન મન અરપીરે, સેવા સદા કરૂંજી,
નમિ નરસિંહ કરે છે પ્રણુામ. ગુરૂપદ.

કીર્તન ૨૯ મું.

કૃષ્ણ ભજી લે કૃષ્ણ ભજી લે, કૃષ્ણ ભજી લે ભાઇરે,
આ દુનીઆમાં સર્વ માંહી, સાચી એહ સગાઇરે.
જુઠી માયા જુઠી કાયા, જુઠાં બેનને ભાઇરે;
જુઠું જોબન અસ્થિર ધન છે, સ્વાર્થની છે ભવાઇરે!

જમ દ્વારે જાવતાં બાઈ, સાથ ન આવે કાંઇરે:

પણ પાપ પુન્ય ન પલ્લો મુકે, તજતાં ન જાતાં તજાઇરે.

કરણી તેથી પાર ઉતરણી, અંતે ધર્મ સગાઇરે,

દાસ નરસઇ એમ કહેજે, ભજો કૃષ્ણને બાઇરે.

કીર્તન ૩૧ મું.

કૃષ્ણજી કાળોરે, લાગે મને વાલોરે;

નામ તેનું નિત્યે ભજવું;

એ છે કામણગારોરે, કીધો તેને મારોરે;

એહ વિના અન્ય તજવું.

કામણગારારે મારા કોડ સૌ પુર્યારે, રાખ્યા ન અધુરારે;

ગુણ હું કેતા ગણું;

આભાર બહુ કીધોરે, જશ બહુ લીધોરે,

શું હું સુખથી ભણું.

એમ જે કોઇ ભજશેરે, તેને તે નહીં તજશેરે,

સંકટ તે હરશેરે તેહ તણું;

દાસ નરસઇ કહે ધ્યાનજ ધરતાંરે, નિત્ય સમરતાંરે,

વૈકુંઠ આવે નજીક ઘણું.

કીર્તન ૩૨ મું.

૧વહેલા વહેલો તું આવ્ય, આવ્યરે દાસને લે સંભાળી;

દાસને લે સંભાળી; વાલા તુંતો દાસને લે સંભાળી વી.

તારા વિના ઝુરી મરે; પળ પણ કાંઈ નવ કળ વળે;

તુજ વિના આ જગ્તમાંહી, કર્મ મારાં કોણ દળે;

જોને મારા સામું તું ભાળી. વી.

મુજ શિરે પાપનો પોટલો, તુજ વિણ કોણ ઉતારશે;

ભવસાગરે ડુબતાં થકાં, નહીં તુજ વિણ કો તારશે;

તારી તેં અહલ્યા રૂપાળી. વી.

સંસારમાં સહોદર અને, સ્નેહી તણું ટોળું મળ્યું;

પણ દુઃખ શિરે આવતાં, તેઓથી દુઃખ કાંઇ નવ ટળ્યું,

જઈ કહું કેને પોકારી. વી.

શા માટે રાખુ સગાઇ એથી, કાજ મારૂં નવ સરે;

સાચી એક સગાઇ તારી સંસાર મારો સુધરે;

કહે નરસઇ દાસરે તુજ મજેથી દીવાળી. વીઠલા

કીર્તન ૩૩ મું.

દ્વારકાના વાસીરે, અવસરે આવજોરે. રાણી રૂક્ષમણીકેરા કંથ;
દુષ્ટ દુર્યોધનરે લાગ્યો મને પીડવારે, પ્રભુ મારા ચોપાસ
ન્યાળુ તારો પંથ,
સોડ તાણીનેરે સુતો શું તુ સાભળારે' મકડીને ઉઠો આજ;
લક્ષ્મીજી તળાંશેરે પાવન તારાં પાવલારે, અમપર મહેર
કરો મહારાજ,
ગ્રહને ચક્રીરે ગજ મુકાવિયોરે, કીધી તમે સુધનવાની સહાય
નરસિંહ રૂપરે હિરણ્ય કસ્યપુ હણ્યારે, પ્રહલાદ ઉગર્યો
લાગ્યો પાય.
છપન કરોડરે જાદવ તાહરારે, સાથે બળીભદ્ર સરીખા ભ્રાત.
કાળી નાગ નાથ્યોરે, જરાસંધ જીતીઓરે, તે બળ કયાં ગયું;
મરા નાથ
વસમી વેળા મારેરે વારે ચડો વીઠલારે, ધાજો તમે છત્રપતી
નીરાધાર;
અસ્વારી કરજોરે ગરૂડની ઉપરરે, નરસઇઓ વીનવે વારંમવાર

કીર્તન ૩૪ મું.

અંગરખું એક તારૂંરે, બનાવ્યું બહુ જુગ્તી કરી;
શિવનારો દરજી ડાહ્યોરે. કીધી છે મહાકારીગરી;
કારીગરી માંહી કેરીરે કીધી, તેનો કહેતાં નાવે પાર;
બારીક કામ બહુ કીધુ જીણું, તેના ઉપર તાણ્યો છે તાર;
ટાંકાંતો નજરે નવ આવેરે, દેખેતે સરવે સુરત ધરી. અંગરખું
બખિઆ બહુ નાંખીરે, કર્યું છે બંધ બેસતું;
વાળ્યું તે તો ઠીક વળીછેરે, તણ્યા તાર ન જાય તસું;
સારૂં શીવ્યુ સંગરે અવ્યુ છે અંગે ભરીભરી, અંગરખું
કમરપટે કોઠને કુણી; પુઠેથી પાની પ્રમાણ;
તેમાં કસેચડી કાંઈ નથી વળી, શિવનારો ચતુર સુજાણ;
પ્રમાણ કેવું કીધુરે, બેસતુ છે બરા બરી, અંગરખું
અંગરખું બહુરંગી બનાવ્યું, પુરણ પ્રેમ પ્રકાસ;
ચોંપ દેખોને દરજીની કેરી, શિવતાં કર્યા નવ માસ;
દાસ નરસૈયાનેરે, પહેરાવ્યું પ્રભુ ખરાખરી. અંગરખું.

કીર્તન ૩૫ મું.

શામળિયો શેઠ કીધોરે, લને ખોળે શિર મેં ધાલ્યુ;
નાણું ખરૂં તેના નામનુંરે, જે ત્રણ લોકમાં ચાલ્યું.
અવર વેપાર ઉઠાવિયો, કાઢી ટરમની કોઠી;
લખરે ચોરાશીમાં જોઇ વળ્યો, જ્યાં ખટખટ છે ખોટી. સા.
મોહ મત્સર બે કીલવા, મન ગમતારે મ્હાલે;
કહ્યું તે કોઇનું નવ કરે, જે બેઠા ઘર ઘાલે. સામળિરો.
કામ ક્રોધ મુનિમ મળ્યા, તેને સ્વતંત્રતા દીધી;
તે મમતાને લાવિઆ, તે તે રહે નહીંરે સીધી. સામળિયો
તેના છળ ભેદ બે છોકરા, તે થઇ બેઠા મોભી;
દગાને ઘાલ્યો દુકાનમાં, વળી તે લાવ્યો લોભી. સામળિયો
હરખ શોકની હુંડી કરે, મન મુનિમ જે મોટા;
વાણોતર વધી ગયા, પછે આવ્યોરે ટોટો. સામળિયો.
વ્યાજ ફુલ્યું વછીયાતનું, ખાતું નવ જોયું;
મેળ ન કાઢયો મૃત્યુનો, પછી આપરે વગોવ્યું. સામળિયો
વિમો લુંટાણો વાટમાં, વણુ પ્રીછેરે વાણી;
અછવા સા અહંકારના, ખુડીઆ વણુ પાણી. સામળિયો
આથી પોથી જે હતિ, તે સરવે ખોઇ બેઠા;
જમરે આવ્યા જ્યારે લુટવા, તે નાશી ઘરમાં પેઠા. સામળિયો
અંતે ન જોયો આવરો, ભમ ભગળ ચલાવ્યું;
નવ દ્વાર નાઠો ફરે, સાથે કોય ન આવ્યું.
નોકર સર્વ નાશી ગયા, શેઠ એકલડા સાં'યા;
લલો પતો તેણે ટરી, સરવે મળીને વા'યા. સામળિયો
લાખે લેખાં નો લોભનાં, જર ન મળે જરીકે;
પુન્ય પાપની કોથળી, ઠાલી રહીરે ઓશિકે. સામસિયો
ચીત તણા જે ચોપડા, તેને મુક્યાંરે ધ;
પાનાં છે પરપંચનાં, તેને નાંખ્યાંરે ધોઇ. સામળિયો.
ચાતુર હોય તો ચેતજો, ચિત ચકલેરે બેશી;
નર કોઈ છુતી નથી ગયા, આ વણજમાંરે પેશી. સામળિયો.
શોધી કાઢી સાચા શેઠને, વેપાર તેં વધાર્યો;
લેણુંરે ચોખ્ખું લાભનું, આલીને પરવાર્યો. સામળિયો.

નિરભય થઈ નાણું કર્યું; હાંક્યુંરે દેવાળું;
કહે નરસઇ હવે નહીં કંઈ, પોળા ઉપર કાળું. શામળિયો.

કીર્તન ૩૬ મું.

તરણા ઓઠે ડુંગરરે, ડુંગર કોઇ દેખે નહીં;
અજાજુથ માંહેરે, સમરથ આજે સહી.
સિંહ અજામાં કરે ગરજના, કસ્તુરી મૃગ રાજન;
તલ ઓઠે તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશન;
દધિ ઓઠે ધૃતજરે, વસ્તુ એમ છુપી રહી. તરણા.
કોણે કહ્યુંને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમ કેરી ગમ નહીંરે, વાણીરે ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવારે, બુદ્ધિ થાકી રહે તહી. તરણા.
મન પવનની મતિ ન પહોંચે, અવિનાશીરે અખંડ;
રવો સચરાચર બર્યો બ્રમ પુરણ, જેણે રચ્યો બ્રહ્માંડ;
ઠામ નહીં ઠાલોરે, એક અણું માત્ર કહી. તરણા.
સદગુરૂજીએ કૃપા કરી ત્યારે, આપે થયારે પ્રકાશ;
શાંશા દોડી સાધન સાથે, પોતે પોતાની પાસે;
દાસ નરસઇ કહેછેરે, જ્યાં જોઉં ત્યાં તુહીં તુહીં. તરણા.

કીર્તન ૩૭ મું.

ભોળીરે ભરવાડન હરીને વેચવાને ચાલી;
સોળ સહસ્ર ગોપીના વાલાને મટુકીમાં ઘાલી.
અનાથ કેરા નાથને વેચે, આહીરની નારી;
શેરીએ શેરીએ સાદ પાડે, કોઈ લ્યોરે મોરારી.
મટુકી ઉતારી હેઠી મુકી, મોરલી માંહી વાગી;
વ્રજનારીને સેજે જોતાં, મુરછા તો લાગી.
બ્રહ્માદીક ઈંદ્રાદીક સરખા, કૌતક તો પેખે;
ચૌદ લોકના નાથને કાંઈ, મટુકીમાં દેખે.
ગોવાલણીના ભાગ્યે પ્રગટ્યા, એ અંતરજામી.
દાસભક્તાને લાડ લડાવે, નરસઇનો સ્વામી.

કીર્તન ૩૮ મું.

વાલાને જોતાં જોતાંરે, મારી ભુખલડી ભાગી;
ઘરમાં રહીને શું કરૂં, મારી આંખલડી લાગી.

સામળી સુરતે મન મોહીને લીધું;
કાંઈક સામળીએ વાલે કામણ કીધું.
સંસારીનું સુખ હુંતો તજીરે બેઠી;
મધુરી મોરલી આરે પાંજરીએ પેઠી.
સોનાની સાંકળીએ મુને બાંધીરે તાણી;
મનડાની વાતોરે પેલે, મોહને જાણી.
તુજ મુજ વચ્ચે વાલા, અંતર નથી;
નરસઇઆના સ્વામીની લીલે, કથતી કથી.

કીતન ૩૯ મું.

લાગી લાગી હરકતો લોકો લાજનીરે; (૨)
એ માટે નિસર્યાં અવિનાશી, વીશ્વંભર વૈકુંઠના વાસી;
ખબર જુએ છે ખાશી, હજી આજનીરે. લાગી લાગી
ભરમાઈમાં દોલત ભાળી, રૂપા કેરી ખાટય રૂપાળી;
વાલ તણી નથી વાળી તારા કાજનીરે. લાગી લાગી.
કાયા માયા કાચી કેવી, દેવ રહીત નવ રાખ દેવી;
ઝુંપડી સળકી જેવી સુની છાજનીરે. લાગી લાગી.
લાખો જન્મ ધરીને લોટયો, દીવી હતી ત્યાં મ્હોતે દોટયા;
ચકલા ઉપર દોટયો જેવી બાજનીરે. લાગી લાગી.
આવ્યો તો તું લાભજ લેવા, દામ પડયા છે દેવા;
સહાય કરજે સેવા સંત સમાજનીરે. લાગી લાગી.
સંત પુરૂષના શબ્દ સહે નહીં, દોશ ભીતરની તેથી દહે નહીં;
રોપી ગંધ રહે નહીં જેવિ પ્યાજનીરે. લાગી લાગી.
અંત સમે જમડા આવીલ્યે, રહેવું પડશે વદને વિલે.
શિખામણ સમજી લે નરસગરામનીરે. લાગી લાગી.

કીર્તન ૪૦ મું.

કૃષ્ણ ભજ્યા વિના, પ્રભુને ભજ્યા વિના;
જતી રહી જુવાનીરેજી.
સરોવર દેખી હંસે, વિસામો લીધો ભાખરે;
આતમ થયો મારો રાજીરેજી.
હરીજન હંસલો જાણે હાલવા લાગ્યોને;
ત્યારે પરદેશી મારો પેખીરેજી.

જુવાની જાતાંરે તને, કાંઇ નવ સુજ્યુંરે,
ઘડપણ આવ્યું છાનું માનુંરેજી.
કાળા ફીટીને વાળ ધોળારે આવ્યારે;
આવી મોતની નીશાનીરેજી.
કંકુવર્ણી કાયા, કામ નહીં આવેરે;
કેસર વરણાં તારાં નુઃરેજી.
મુવા પછી તને, સળગાવી દેશેરે;
સૌ રેશે આંહીનું આંહીરેજી.
જરા પોંચીને તને જમડાએ ઘેર્યો ભાઈ;
ત્યારે ચાલે છે આંસુડાની હેલીરેજી.
કૃષ્ણ પ્રતાપે ભણે, દાસ નરસઇયોને;
ભજો શ્રી કૃષ્ણને સારી રીતેરેજી.

કીર્તન ૬૧ મું.

બંગલા ખુબ બન્યા મહારાજ, જ્યાંમે નારાયણ બોલે.
ઇશ બંગલેમેં દશ દરવાજા, બીચ પવનકા થંભા;
આવત જાવત કોઇ નવ દેખે, એહી બડા અચંબા. બંગલા.
ઇસ બંગલે મેં બાજાં બાજે, સાંજ સવેરે ગાજે;
તાલ પખાજ ઓર મૃદંગ બાજે, રાગ છત્રીશે બાજે. બંગલા.
હાડ ચામકા બંગલા બનાયા, બનાયા નાડીકા રસ્તા.
બાજીગરને ખેલ મચાયા, રંગ ચડાયા સસ્તા. બંગલા.
પાંચ પચાસેક પાતર નાચે. મનુવા તાલ સજાવે;
સ્વર્ગ નર્કકી મૃદંગ બાજે, જી ચાહે વાં જાવે. બંગલા.
રોમ રોમકી છાય બનાઇ, ત્રણ ગુણ કાહે માળા;
કહેત નરસઇ સુનો ભાઇ સાધુ, ચેતન સુનવા વાલા. બંગલા.

કીર્તન ૬૨ મું.

મોહને તારી માળારે, આઠે પાહોર સુકું નહીં;
કાના અંગે કાળારે, ચિતડેથી ચુકું નહી.
જેમ પપૈયો પીયુ પીયુ, રટતો રાખી ટેક;
સર સરીતા જળ થકી, પીએ ન ટીપું એક;
તેમ જપું તુંજ નામને, વ્હાલ ધરી વિશેક;
બીજા બધા આળારે, તેની કને ટુકું નહીં. મોહન.

જેમ લઇ શીર બેડલું, પનીઆરી પંથ જાય;
બોલે ચાલે કરતા બે, સુરતા બેડા માંય;
તેમજ મારી સુરતા, લાગી ત્રીકમ કેરે પાય;
ભણે નરસૈં વિષા વાળારે, તેને માંયે શું કું નહીં. મોહન૦

કીર્તન ૪૩ મું.

ક્યાં ક્યાં જઇને અડેછે, મનતું ક્યાં ક્યાં જઇને અડેછે.
એક ઘડી શાંત ન થાતું કદાપી, શું શું ઘાટ ઘડે છે. મન૦
પહોંચે પાતાળે તું ક્ષણમાં, આકાશે અથડે છે;
સમજે સાહુ અસાર પણ, જઇને કુવામાં પડે છે. મન૦
પળમાં ખ્યાલ કરી ખુશી રાતું, પળમાં પાછું રડે છે;
ડરતા જન જાહેરમાં કરતાં, તેઓ તને નડે છે. મન૦
પરના સુખથી નાહક બળતું, નીશદીન શું બાઝડે છે;
ઘડીમાં વળી પસ્તાતું પાપથી, ને ઘડીમાં તારૂં ઘડે છે. મન૦
મીથ્યા માન અને સ્યા મદથી, ફુલા તું શું સડે છે;
જન્મ મરણ ને દુઃખ આ ભવનું. સઘળું તારાવડેછે. મન૦
આ જગમાં સૌજન પર કેવું, તું તો રાજ કરે છે;
કહે નરસૈં કોઈ વીરલાનર તુને,હરી પદમાંતો જડેછે. મન૯

કીર્તન ૪૪ મું.

પ્રજાપતી કેછેરે, ગોવીંદહા મારી કોણ ગતી;
માંજારી બચ્ચાંનેરે, ઉગારો મારીવતી. પ્રજાપતી.
બના સમરણ કરતી હતી, પ્રહલાદ આવ્યા પાશ;
અરધીરાતની આણો દીધી, વીઠલ કીધો તારો વીશ્વાસ;
અંત સમે આવ્યારે જુગના તમે જતી. પ્રજાપતી.
પ્રભાતે પ્રહલાદ આવશે, નીભાડો ખોલશે, નાથ;
સાચા ખોટાની શાખ્યો પુરશે, કરશું અમે આતમઘાત
પ્રતીત તારી જાશેરે, જુગમાં હાંશી થશે. પ્રજાપતી.
કુંભકારણ કુંભમાં પ્રગટ્યા, રાખવા સતની લાજ;
દાશીના દુઃખ દોયલાં જાણી, આવો ગરીબ નીવારણ;
દાસ નરસૈં કહે છેરે રેહેશે સેવા સની. પ્રજાપતી.

કીર્તન ૪૫ મું.

રમાપતિ સમરોરે, રાત દીવસ તમે ભાઇ;

અંતે છે એક સગાઇ. રમાપતિ.
સૂતાં બેસતાં એનેજ સમરો, જમતાં હરતાં તેહ;
પળ પણ ખાલી નવ જાય એહ વિના. ભજો ધરીને નેહ;
કમાણી બીજી મુકી દયોનેરે, ખરી છે એક કમાઇ, રમાપતિ.
કુડ કપટ કરી કીધી કમાણી, પોષ્યા કુટુંબ કબીલા;
કષ્ટ આપણાં શિરે આવતાં, કરશે મુખડાં લિાં:
તેમાં શું તમે મોહી રહ્યારે, ચતુર ક્યાં ગઇ ચતુરાઇ. રમાપતિ
કાન પાસે આવી પળીયાં તે, કહે છે એતો ભાઇ;
હજુ અવસર છે તારા હાથમાં કર ધરમ તું કાંઇ;
આખર મરવાને વખતેરે, અંતે રહેશો પસ્તાઇ. રમાપતિ.
કાલ કરવું તે આજ કરી લે, આજ કરવાનું અબ;
એહજ આવશે તારી સાથે, બાકી બધું છે ધબ:
મહે તો નરસૈં કહેછેરે, હરી સાચો છેજ સખાઇ. રમાપતિ.

કીર્તન ૪૬ મું

નારાયણનું નામજ લેતાં, સઘળું તે સમે તજીયેરે;
મનસા વાચા કરમણા કરીને, રાધિકા વરને ભજીયેરે.
કુળને તજીયે કુટુંબને તજીયે, તજીયે માને બાપરે;
ભગની સુત દારાને તજીયે, જેમ તજે કંચુકી સાપરે.
નિજ પિતા પ્રલ્હાદે તજિયો, પણ તજીયુ ન હરીનું નામરે;
ભરત શતરૂઘને તજી જનેતા, પણ નવ તજીયા રામરે.
રૂષિ પત્નિ શ્રી હરીને કાજે, તજીયા નીજ ભરથારરે;
તેમાં તેનું ગયું ન કાંઇ પામી, પાતી પદારથ ચારરે.
વ્રજ વનિતા વિટલને કાજે, સર્વ તજી વન ચાલીરે;
ભણે નરસૈંયો વંદ્રાવનમાં, મોહન સાથે હાલીરે.

કીર્તન ૪૭ મું.

કાન કાળો છે પણ બહુ રૂપાળોરે, કાન કાળો છે પણ બહુ રૂપાળો
એની છબી તે નજરે નિહાળોરે. કાન
કામણ ગારી એની આંખડી દીસે છે વાલા;
મારે પિછ મૂગટવાળોરે. કાન
પીળી પિતાંબરી પહેરી પ્રભુએ;
કૌસ્તુભનીનો કંઠ લટકાળોરે. કાન

બાંયે બાજુબંધ બેરખા બે સુંદર;
કેડે કંદોરા ગુગરીઆળોરે. કાન
બહુ મુલાં નંગની વિંટીઓ આંગળીએ;
જામો જરકશી છે રૂપાળોરે. કાન
હીરે જડિત્ર તોડી ચરણમાં ઠમક;
કેષ્ની કેરી પાડી ઢાળોરે. કાન
કુંમ કુંમ ટીલડી દીસે અનુપમ;
વાએ અધર મોરલી લટકાળોરે.
કહે નરસૈ મેહેતા ભાવેથી ભકતે;
દેવકીના સુતને ભાળ્યેરે. કાન

કીર્તન ૪૮ મું.

અંતે સંતને તેડાવેરે, હરીનું ભજન કરવા;
કરમાં માળા ઝાલીરે, મુરખ બેઠો જ્યારે મરવા.
નાપપણે ઘર ધંધામાં ધાયો, વૃદ્ધપણે હરીગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્ની કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યોરે, પત્થરને નાવે બેઠો તરવા. અંતે.
અંત સમે છાપા તિલક બનાવે, ભુલી ગયોરે જ્યારે ભાન;
એરણના ચોરી સોવનું ધ્યન, એમ કેમ આવે વૈમાન;
ગુરૂ ગ્નાન નાખ્યુરે બુદ્ધી ગઈ તારી ચરવા. અંતે
જુવતી નારીને જેવી પુત્રની આશા, એમ હરી ભજે પુર્ણ થાય;
વૃદ્ધ નારીને નહીં પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય;
હરિને બેઠો ઠગવારે, એંશી વર્ષે ૧૨ વરવા. અંતે.
વીશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભય જાય;
હરિ શું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજન રાય;
દાસ નરસઇ કહે છે રે, મળ્યા ફેરા ચોરાસીના ફરવા. અંતે.

કીર્તન ૪૯ મું.

મોરલીધર મોરલીવાળોરે, મોરલીએ મારૂં મન મોહ્યું.
તારી મોરલીના નાદે, સર્વ મેં ખોયુ રે;
મોરલીએ મારૂં મન મોહ્યું.
મોરલીના મધુરા સુરે, લાગી મુજને પ્રીત;
જ્યાં હું સુણું એહને, આવું દોડી ખચીત;

સુઝે ન કાંઇ ધધીરે, કોઇમાં ન રહે મન પરોવાયું.: મોરલીધર
મોરલી ગુણવાળી ઘણી, મેળવિઓ તુજ સંગ;
પાપ સૌ ભાગી ગયાં. થઈ ગયું નિર્મળ અંગ;
હવે ન તને છોડુંરે, જતાં આ મુખ ક્યારે જોઉં. મોરલી.
ભુખ સઘળી ભાગી ગઈ, તરસ થઈ સૌ દૂર;
ઇચ્છા શી અળગી થઇ, ચિત ચાહે રહેવા હજુર;
ભણે છે નરસઇદાસ તારોરે, સુખ આવું ક્યાંઇ ન જોયું. મો.

ભજન.

નામ તારૂ સુખદાઇ, ગિરિધર નામ તારૂ સુખ દાઇ.
ધીરજતા ધ્રુવની ઉર લાવી, અવીચળ પદ દીધું ત્યાંહી—ગીરિધર
સુંઢે પકડયો ગજને જ્યારે, પળમાં લીધો છોડાવી;
પ્રલ્હાદજીની પીડા પીછાણી, પ્રગટયા સ્થંભે જાઇ. ગીરીધર.
હિરણ્યકસીપુ માર્યો હરીએ, નૃસીંહ રૂપ બનાવી;
લાખાગ્રહથી પાંડવ બચાવ્યા, ઘોડી આવ્યા પ્રભુ ધાઇ. ગીરી,
પંચાળીને ચીર પુર્યાં તમે, તો દુષ્ટ કૌરવથી બચાવી;
જ્યાં જ્યાં ભગતને ભીડ પડે પ્રભુ, ત્યાં ત્યાં લ્યો હસ્ત સાહી. ગી.
અગણીત ગુણ પ્રભુ જાય ન ગણીયા, શેવા અતિ સુખદાઇ;
જેઠો કહે પ્રભુ ગુણ ગણતાં, જન્મ મરણ કદી નાંહી. ગી.

ભજન.

પ્રેમને વશ છે મોરારી, જો સાંભળ પ્રેમને વશ છે મોરારી;
તેમાં ન ફેર લગારી, જો સાંભળ પ્રેમને વશ છે મોરારી,
કરમાબાઇનો ખીચડો આરોગ્યો, વિદુરની ખાધી ભાજી;
જુઠાં બોર શબરીનાં ખાધાં, મુક્યાં છપ્પન ભોગ વિસારી—જો સાં.
વિદુરજીને ઘેર પ્રભુ પધાર્યા, ત્યાં હાતા હતાં ભક્ત નારી;
પ્રેમને વશ દોડયાં નગ્ન સ્વરૂપે, વસ્ત્રને દીધાં વિચારી. જો સાં.
[illegible] સા કેળાં લાવ્યાંને, કહ્યું બેસો હઉ સુધારી;
પ્રેમમાં [illegible]ને, છોતરાં આપ્યાં, ગર્ભને મુકયો વિસારી. જો સાં.
પ્રે[illegible] લક્ષણા ભક્તિ છે ન્યારી, નીંદે સર્વ સંસારી;
[illegible]! કહે તેને નીંદે જે પામર, પામે પસ્તાવો ભારી. જો સાં.

સમાપ્ત.